પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૯૮ કુલ પાના : ૪
તારીખ : ૧૦-૦૮-૨૦૨૪ શનિવાર
કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ RNI NO:- 67073/97 9712880678

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)







## સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

હિંમતનગર,

સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજયકક્ષાનો વિશ્વ આદિવાસી દિવસ આર્ડેકતા ઈન્સ્ટિટયૂટ નવી મેત્રાલ, ખેડબ્રહ્મા ખાતે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ હતું કે મૂળ નિવાસી તરીકે ઓળખાતા આદિવાસીઓ વર્ષો પુર્વેથી આધ્યત્મિક રીતે પ્રકૃતિ સાથે બિરાસા મૂંડાની પૂજા કરતા આવ્યા છે. આદિવાસી સમાજના ભવ્ય ઈતિહાસ અને ગૌરવવંતી સંસ્કૃતિ, પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવાના પ્રયત્નના ભાગરૂપે દર વર્ષે ૯મી ઓગષ્ટના દિવસને "વિશ્વ આદિવાસી દિવસ " તરીકે ઉજવવામાં આવે છે. છેક અંબાજીથી ઉમરગામ સુધી વસતા આદિવાસી બાંધવોને પ્રાથમિક સુવિધા જેવી કે પાણી, આરોગ્ય, શિક્ષણ તેમજ રોજગારી મળી રહે માટે રાજ્ય સરકાર હર હંમેશ પ્રયત્નશીલ રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી વિકાસના આગવા મોડલ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કર્યુ છે. ઓગસ્ટ માસ ક્રાંતિનો મહિનો છે. માનગઢમાં ગુરુ ગોવિંદસિંહ હોય કે પાલ દઢવાવમાં મોતીલાલ તેજાવત હોય આઝાદીકાળમાં આદિવાસીઓએ પોતાનુ મહત્વનું યોગદાન આપ્યુ છે. ભારત દેશને પ્રથમ આદિજાતિ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ મળ્યા છે. વડાપ્રધાનએ આદિમ જુથોના ૩૦ હજાર પરિવારના ૧.૫૦ લોકોના વિકાસ માટે પીએમ જનમન અભિયાન હાથ ધર્યુ છે.

માનવીની મુખ્ય જરૂરીયાત આરોગ્ય,શિક્ષણ,રોજગાર,આવાસ અને રસ્તા આદિવાસી લોકોને મળી રહે તે માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વન બંધુ કલ્યાણ યોજના, વન અધિકાર અધિનિયમ,



સમરસ છાત્રાલય, સંકલિત ડેરી વિકાસ, દુધ સંજીવની યોજના જેવી મહત્વની યોજનાઓ અમલી બનાવી છે.

આદિજાતિ વિકાસ માટે બજેટમાં ખાસ એક લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. વનબંધુ કલ્યાણ ફેઝ-૨ માં વધુ એક લાખ કરોડ જોગવાઈ તેમજ ૩૦ હજાર કરોડનું વધુ બજેટ ફાળવવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, નલ સે જલ, આદિજાતિ વિસ્તારોમાં જીઆઈડીસીની સ્થાપના થકી નવીન રોજગારી થકી જીવનમાં ગુણવત્તા યુક્ત સુધારા આવ્યા છે.

પ્રધાનમંત્રી જનજાતિ વિકાસ અંતર્ગત ઉન્નત ગ્રામ યોજના અંતર્ગત દેશના ૬૩ હજાર ગામોના પાંચ કરોડ આદિજાતિ લોકોનો સો ટકા વિકાસ કરવાની નેમ લીધી છે આદિમ જૂથ એવા જૂથોના વિકાસ માટે પીએમ જન મન અભિયાન અંતર્ગત ૩૦ હજાર પરિવારના ૧.૫૦ લાખ લોકોને મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટેના પ્રધાનમંત્રી જન મન અભિયાન યોજાયું.

આદિજાતિ વિસ્તારના બાળકો શહેરી વિસ્તારમાં રહી શિક્ષણ મેળવી શકે તે માટે શૈક્ષણિક સંસ્થાઓ બનાવવામાં આવી છે. આદિજાતિ બાળકોને મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ પરીક્ષાઓ માટેના કોચિંગ કલાસ અપાવી આદિજાતિ બેઠકો સંપૂર્ણ ભરાય તે રીતે ૩૬૦ ડીગ્રી પરિવર્તન લાવવામાં આવ્યું છે.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આદિજાતિ વિકાસને વેગ મળ્યો છે અને મેડિકલ એન્જિનિયરિંગ માટે કોચિંગની સુવિધા ઉભી થતા આદિજાતિ વિદ્યાર્થીઓ આજે મેડિકલ અને એન્જિનિયરિંગનું શિક્ષણ લઈ રહ્યા છે.

૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિનની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રીના વરદ હસ્તે રાજ્યમાં કુલ રૂ. ૪૧૧.૩૭ કરોડના ૨૨૪૦ કામોનુ ખાતમુહર્ત તથા રૂ.૬૦૨.૭૮ કરોડ ૨૦૫૩ કામોનુ લોકાર્પણ આમ કુલ રૂ. ૧૦૧૪.૧૪ કરોડના કુલ ૪૨૯૩ કામોનુ લોકાર્પણ તથા ખાતમુહર્ત કરવામાં આવ્યુ હતું. જે પૈકી મુખ્યમંત્રીના વરદ હસ્તે સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૩૭૬૨.૮૮ લાખના ૨૧૬ કામોનું ખાતમુહર્ત તથા રૂ.૨૦૯૧.૩૭ લાખના ૧૯૭ કામોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. તેમજ વિવિધ વિભાગના ૭૬૧૮ લાભાર્થીઓને રૂ.૪૬૮૨.૦૦ લાખના વ્યક્તિગત લાભો આપવામાં આવ્યા.

વિશ્વ આદિવાસી દિવસે આદિવાસી સમુદાયના વિધ્યાર્થીઓએ પરંપરાગત સાંસ્કૃતિક નૃત્ય રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે આ વિસ્તારના બાળકના હસ્તે લખાયેલ કાવ્ય ગ્રંથનું વિમોચન કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ, હિંમતનગર ધારાસભ્ય વીડી ઝાલા સભ્ય રમણલાલ વોરા પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, અધિક મુખ્ય સચિવ જીપી ગુપ્તા, રેન્જ આઈ જી મનીષ સિંગ, સાબરકાંઠા કલેક્ટર નેમેશ દવે, જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, જિલ્લા પોલીસ વડા વિજય પટેલ, પ્રયોજના વહીવટદાર વિશાલ સકસેના તેમજ જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સર્ચ ઓપરેશન ૧૧માં દિવસે પણ ચાલુ, ૧૫૨ લોકો હજુ પણ ગુમ

વાયનાડ,

કેરળના વાયનાડમાં ૩૦ જુલાઈના રોજ થયેલા મોટા ભૂસ્ખલનને કારણે ગુમ થયેલા ૧૫૨ લોકોની શોધ શુક્રવારે પણ ચાલુ રહી હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૪૧૩ લોકો ઘાયલ થયા છે. મુંડાકાયિલ અને પંચીરીમાટોમ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું.

બચાવ અને રાહત કામગીરીનું નેતૃત્વ રાજ્યના પ્રવાસન મંત્રી પી.એ. મોહમ્મદ રિયાએ કહ્યું હતું કે સર્ચ ઓપરેશન શુક્રવારે સમાપ્ત થશે અને ગામલોકોની મદદથી રવિવારે ફરીથી સમાન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવશે કારણ કે ગામલોકો વિસ્તારથી સારી રીતે વાકેફ છે. દુર્ઘટના બાદ પણ બચાવ કાર્ય ચાલુ છે. શુક્રવારે પણ કેટલીક ટીમોએ છલિયાર નદીની આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અહીંથી અત્યાર સુધીમાં ૭૮ મૃતદેહો અને ૧૫૦થી વધુ શરીરના અંગો મળી આવ્યા છે.દરમિયાન, શુક્રવાર એક મહત્વપૂર્ણ દિવસ છે કારણ કે કેરળ હાઈકોર્ટે સુઓ મોટુ સંજ્ઞાન લેવાનો અને કેસ નોંધવાનો નિર્ણય કર્યો છે. હાઈકોર્ટે મીડિયા અહેવાલો અને પત્રોની નોંધ લીધી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે વાયનાડમાં પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોનું અનિયંત્રિત શોષણ થયું છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે નિષ્ણાતોએ આ વિષય પર ચેતવણી આપી હતી કે રાજ્યના ઘણા સ્થળોએ નબળા મેનેજમેન્ટને કારણે આવી દુર્ઘટના થઈ શકે છે. આ નાની દુર્ઘટનાઓના સ્પષ્ટ સંકેતો મળ્યા પછી પણ અધિકારીઓ મૌન રહ્યા. આરોપ છે કે કેરળમાં ઘણી સરકારો બની. પરંતુ આ સરકારોએ કસ્તુરીરંગન અને માધવ ગાડગીલ જેવા મોટા નિષ્ણાતોના અહેવાલો પર ક્યારેય ધ્યાન આપ્યું નથી. કેરળમાં પર્યાવરણ અને આબોહવા પરિવર્તનના મુદ્દાઓ સાથે કામ કરવા માટે રાજ્ય સંચાલિત ચાર એજન્સીઓ હોવા છતાં, આ મુદ્દા પર કોઈ નોંધપાત્ર કામ કરવામાં આવ્યું નથી.

## ગુજરાત ભારે તાવની ઝપેટમાં, રોજના લગભગ ૧૫૦ દર્દી આવે છે

અમદાવાદ

રાજ્ય ભારે તાવની ઝપેટમાં આવી ગયું છે. આના લીધે રાજ્યમાં રોજના ૧૫૦ જેટલા દર્દી હોસ્પિટલ ભેગા થાય છે. આના લીધે છેલ્લા સાત મહિનામાં ભારે તાવના ૨૯૨૪૦ કેસ થયા છે. બીજા શબ્દોમાં કહીએ તો આટલા લોકોએ હોસ્પિટલાઈઝ થવું પડ્યું છે. તેમા એકલા અમદાવાદમાં ભારે તાવના સૌથી વધુ ૭૪૪૩ કેસ સામે આવ્યા છે. ૧૦૮ ઈમરજન્સીને ભારે તાવના લીધે અધધ કોલ જોવા મળ્યા છે. તેમાં સુરતમાં ૩૬૧૪, રાજકોટમાં ૧૨૪૫ કોલ્સ મળ્યા છે.

વડોદરામાં ૧૧૫૧ ,વલસાડમાં ૧૧૦૭ કોલ્સ મળ્યા છે. તેમજ કચ્છમાં ૧૦૭૬, જૂનાગઢમાં ૧૦૦૯ કોલ્સ નોંધાયા છે. ભારે તાવ સાથે શરદી, ખાંસી, તાવના કેસ વધ્યા છે. ૧૦૮ ઈમરજન્સી સેવાને ભારે તાવના કેસનો આંકડો જાણશો તો ચોંકી જશો, જેમાં સુરતમાં ૩૬૧૪ ,રાજકોટમાં ૧૨૪૫, વડોદરામાં ૧૧૫૧, વલસાડમાં ૧૧૦૭, કચ્છમાં ૧૦૭૬, જૂનાગઢમાં ૧૦૦૯ કોલ્સ નોંધાયા છે. અંદાજે રોજના હાઈફીવરના ૧૫૦ દર્દીઓને હોસ્પિટલ ખસેડાય છે. જેમાં ભારે તાવ સાથે શરદી, ખાંસી, તાવના કેસો પણ વધ્યા છે.

રાજ્યમાં ભારે તાવના કેસ વધ્યા છે, ગુજરાતમાં વર્ષ ૨૦૨૪ના જાન્યુઆરીથી જુલાઈ એમ સાત મહિનામાં ભારે તાવના કેસમાં ૨૯,૨૪૦ દર્દીને સારવાર માટે હોસ્પિટલે ખસેડવા પડયા છે, ગત વર્ષ ૨૦૨૩ના સાત મહિનામાં ૨૮,૪૪૬ દર્દીઓના ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસમાં કોલ નોંધાયા હતા. આ માત્ર એમ્બ્યુલન્સ મારફત હોસ્પિટલે ગયેલા દર્દીઓનો આંકડો છે, આ સિવાય મોટી સંખ્યામાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કેસ નોંધાયા છે.૧૦૮ ઈમરજન્સી સેવાના સૂત્રો કહે છે કે, અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૪ના સાત મહિનામાં ૭,૪૪૩ કોલ્સ નોંધાયા છે. ગત વર્ષે ભારે તાવના કેસમાં રોજ ૧૩૫ દર્દીઓને હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યા હતા, આ વખતે ૨૦૨૪ના સાત માસમાં દર રોજ ૧૫૦ જેટલા હાઈ ફિવરના દર્દીઓને એમ્બ્યુલન્સની જરૂર પડી છે. તબીબોનું કહેવું છે કે ત્યારે ચોમાસાની સિઝનમાં પણ ભારે તાવના કેસનું પ્રમાણ વધ્યું છે. શરદી, ખાંસી, તાવ સહિતના વાઈરલ ઈન્ફેક્શનના કેસોને લઈ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની કતાર જોવા મળે છે.

## તિરંગા યાત્રાની તૈયારીઓને આખરી ઓપ, મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિતના મંત્રીઓ હાજર રહેશે

રાજકોટ,

સ્વતંત્રતા દિવસને હવે ગણતરીના જ દિવસો બાકી છે. ત્યારે શનિવારે રાજકોટમાંથી તિરંગા યાત્રાની શરુઆત થવાની છે. રાજકોટમાં તિરંગા યાત્રાની તૈયારીઓ આખરી ઓપ પર છે. ભરત બોઘરાના જણાવ્યા અનુસાર તિરંગા યાત્રાને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે.

યાત્રામાં કેન્દ્રીય મંત્રી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા પણ તિરંગા યાત્રાની શરુઆતમાં હાજર રહેવાના છે. આ ઉપરાંત મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ આ કાર્યક્રમમાં હાજર રહેવાના છે. ભાજપના નેતાઓ સહિત સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ પણ આ યાત્રામાં જોડાવવાના છે. મળતી માહિતી અનુસાર બહુમાળી ચોક ખાતે સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર કરી યાત્રાની શરૂઆત કરવામાં આવે છે. બીજી હર્ષ સંઘવી અમદાવાદના નવરંગપૂરા વિસ્તારના વિજય ચાર રસ્તા ખાતે વાહન ચાલકોને તિરંગાનું વિતરણ કર્યું હતુ.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લાના સંતરામપુર આઝાદ મેદાન ખાતે કેબિનેટ મંત્રીની પ્રેરક ઉપસ્થિતીમાં વિશ્વ આદિવાસી દિવસની જીલ્લાકક્ષાની ઉજવણી કરવામાં આવી

- ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારોમાં યુનિવર્સિટીઓ, મેડિકલ કોલેજો, જમીનના હક્ક આપી તેમનું સામાજીક શૈક્ષણિક અને આર્થિક ઉત્થાન કરવા અનેક નિર્ણયો લીધા છે - મંત્રી ભાનુબેન બાબરીયા.
- મંત્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ ઉપરાંત ,તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી પ્રશસ્તીપત્રો આપવામાં આવ્યા હતા.
- કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું.

મહીસાગર,
વિશ્વભરમાં ભારત અને ગુજરાતમાં વસવાટ કરતા મૂળનિવાસી સમુદાયોનો આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્ય, કાયદાકીય, રાજકીય રીતે ઉત્કર્ષ થાય, તેઓ અન્યોની હરોળમાં આવે તે હેતુથી દેશભરમાં દર વર્ષે ૯ ઓગષ્ટના દિવસે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેના ઉપલક્ષમાં જીલ્લા કક્ષાના વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી મહીસાગર જીલ્લાના સંતરામપુર આઝાદ મેદાન ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના અદયક્ષ સ્થાને કરવામાં આવી હતી.

કેબિનેટ મંત્રી ભાનુબેન વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારોમાં યુનિવર્સિટીઓ, મેડિકલ કોલેજો, જમીનના હક્ક આપી તેમનું સામાજીક શૈક્ષણિક અને આર્થિક ઉત્થાન કરવા અનેક નિર્ણયો લીધા છે. રાજ્ય સરકાર દ્વારા આદિજાતિના પરિવારોને માળખાકીય સુવિધાઓ, માર્ગોનું બાંધકામ, શૈક્ષણિક સુવિધા, પીવાના પાણીની સવલત, આરોગ્ય સુવિધા, કૃષિ વિકાસ, જમીન વિહોણાને જમીનના હકો આપીને વિતરણ કરીને તેમના સમગ્રતયા વિકાસની દિશામાં મક્કમ પગલા લીધાં છે. અનુસૂચિત જન જાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારના રાજ્ય સરકારના પરિણામ લક્ષી કાર્યક્રમો, અભિયાનો અને યોજનાઓ દ્વારા વનબંધુઓનું જીવનધોરણ ઊંચુ લાવવાના સઘન પ્રયાસો થઈ રહ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત મારો આત્મા અને ભારત મારો પરમાત્માની ઉદાત ભાવના સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની વહીવટી સેવાઓમાં પેરેડાઈમ શિફ્ટ કર્યું છે. ગુજરાતના ૧૪ આદિવાસી જીલ્લાના ૯૨ લાખ જેટલા આદિવાસી બાંધવોના વિકાસ માટેનું અદકેરૂં સાધન બનાવી એમના સામાજીક, આર્થિક અને શૈક્ષણિક વિકાસની





નવતર પરિભાષા વિકસાવી છે અને ગુજરાતનો અદ્યતન વિકાસ સાદયો છે.છેલ્લા બે દાયકામાં વનબંધુઓનો સર્વાંગી વિકાસ થયો છે. આજનો આદિજાતિ બાંધવ સામાજીક ક્ષેત્રે પણ અગ્રેસર બન્યો છે. આ પ્રસંગે વિવિધ યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી પ્રશસ્તીપત્રો આપવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતમાં વિશ્વ આદિવાસી દિવસની રાજયકક્ષાની ઉજવણીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ મહાનુભાવો અને ઉપસ્થિત નાગરિકોએ નિહાળ્યું હતું. કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું.કાર્યક્રમની શરૂઆતમાં જીલ્લા કલેક્ટર નેહા કુમારીએ સૌને આવકાર્યા હતા. આદિવાસી સમાજના માનવ મહેરામણ વચ્ચે ઉજવણી કાર્યક્રમ પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થએ આભાર દર્શન સાથે સંપન્ન થયો. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલ, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખ હરેશભાઈ વલવાઈ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ મંગુબેન માલીવાડ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોર, અગ્રણી દશરથભાઈ બારીયા સહિત સંબંધિત અધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## મધવાસ ગામના દાતાએ પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ વિતરણ કરી સ્વર્ગસ્થ પિતાજીને સ્મરણાંજલિ અર્પણ કરી

મલેકપુર,
મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાની મધવાસ પ્રાથમિક શાળા ખાતે સ્વ.દેવજીભાઈ સુખાભાઈ પટેલના સ્મરણાર્થે તેમની પુણ્યતિથિના દિવસે તેમના પુત્ર મુકેશભાઈ તરફથી મધવાસ પ્રાથમિક શાળા ૧૧૯ વિદ્યાર્થીઓને ગણવેશ વિતરણ કરવામાં આવ્યા ઉપરાંત બાળકોને પ્રસાદી સાથે રોકડ ભેટ આપી. પોતાના પિતાજીની પુણ્યતિથિએ સ્મરણાંજલિ અર્પણ



કરી હતી. આ પ્રસંગે શાળા અને બાળકોને પ્રોત્સાહિત કરવા મહીસાગર જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પિનાકીન શુક્લ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે દાતાની સ્મરણાંજલિ અર્પણ કરવાના ભાવ પ્રત્યે આદર વ્યક્ત કરી આભાર વ્યક્ત કર્યો હતો. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અવનીબા મોરી શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો અને પુણ્યતિથિએ સ્મરણાંજલિના શ્રેષ્ઠ કાર્ય બદલ શિક્ષણ પરિવાર વતી આભારની લાગણી વ્યક્ત કરી હતી તેમજ સદગત આત્મા માટે શાંતિ પ્રાર્થના કરી હતી. કાર્યક્રમમાં ગામના અગ્રણી જે.એન.પટેલ, મહીસાગર જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શશીકાંતભાઈ પટેલ કેળવણી નિરીક્ષક જીતુભાઈ પટેલ, દાતાનાભાઈ બાબુભાઈ, સુરેશભાઈ, મનજીભાઈ, પરિવારજનો લીલાબેન, વર્ષાબેન તથા દાતાના પત્ની રમાબેન ઉપસ્થિત રહ્યા હતા. દાતા તરફથી અંદાજીત રૂા.૫૦,૦૦૦ ની રકમનું દાન કરવા બદલ શાળા પરિવારમાંથી મંગળાબેન, ઉષાબેન, ઈન્દ્રસિંહ નાગપાલસિંહે દાતાનો ખુબ ખુબ અભિનંદન પાઠવી આભાર કર્યો હતો. કાર્યક્રમના અંતે આભાર વિધિ સી.આર.સી. જીજ્ઞાબેન પટેલે કરી હતી.

## વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સંતરામપર તાલુકામાં અવરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



સંતરામપુર,
પ્રાપ્ત માહિતી અનુસાર ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈક્રો ફાઈનાન્સ ફોર વુમન, આર.બી.આઈ. અને બેંક ઓફ બરોડાના સંયુક્ત ઉપક્રમે સ્કેલપ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. જેનો મુખ્ય ઉદ્દેશ લોકો સક્રિય રીતે બચત કરતા થાય અને બેંકમાં ચાલતી વિવિધ યોજનાઓ, ડીજીટલ ટેકનોલોજી તેમજ સાઈબર ક્રાઈમ થી સાવધાન રહી શકે તે માટે લોકોને જાગૃત કરવાનો છે.


આજ અંતર્ગત આજે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સંતરામપર તાલુકાના આઝાદ મેદાનમાં આદિવાસી સમાજ દ્વારા ભવ્ય લોક મેળાનું આયોજન કરવામાં આવેલ આ મેળામાં મોટી સંખ્યામાં મહીસાગર જીલ્લામાં દરેક તાલુકા માંથી મોટી સંખ્યામાં આદિવાસી સમાજના યુવાનો, ભાઈઓ, બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને સમાજ જાગૃતિ માટે કાર્યક્રમ કર્યા હતા. ત્યારે કડાણા સી.એફ.એલ. દ્વારા મેળામાં સ્ટોલનું આયોજન કરી બેંક ઓફ બરોડા દ્વારા ચાલતા પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના વિશે મેળામાં આવેલ યુવાઓને પેમ્પલેટ આપી સમજણ આપવામાં આવી હતી. ખાસ કરીને વર્તમાન સમયમાં ડિજીટલ ચોરી વધી રહી છે. ત્યારે યુવાનો આવા સાઈબર ક્રાઈમનો ભોગ ના બને તે માટે તેમને અજાણ્યા કોઈ વ્યક્તિ જોડે OTP શેર ના કરવાની તેમજ કોઈ ભોગ બને તો તાત્કાલિક ૧૯૩૦ નંબર પર જાણ કરવાની વાત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ મહીસાગર જીલ્લામાં લીડ ડિસ્ટ્રીક મેનેજર બારોટ અને મધ્ય ગુજરાત કોડીનેટર નવીન બારીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતો.

## કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ સંતરામપુર તાલુકાના ગરાડીયા ગામમાં આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી ભોજનની આનંદ માણ્યો



મહીસાગર,
સામાજીક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ સંતરામપુર આદિવાસી દિવસની ઉજવણી કર્યા બાદ ગરાડીયા ગામમાં રહેતા આદિવાસી સમાજના પ્રકાશભાઈ ડોડીયારના ઘરે આદિવાસી પરંપરા મુજબ નીચે બેસી સ્વાદિષ્ટ આદિવાસી ભોજનનો આનંદ માણ્યો હતો. ભોજન બાદ મંત્રી ભાનુબેન બાબરીયાએ પ્રકાશભાઈ ડોડીયારના તથા તેમના પરિવારના સભ્યોનો આ સ્વાદિષ્ટ ભોજન બદલ આભાર વ્યક્ત કર્યો.

કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની સાથે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઇ પટેલ, જીલ્લા કલેક્ટર નેહા કુમારી, વિકાસ અધિકારી સી.એલ.પટેલ, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખ હરેશભાઈ વલવાઈ, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોરે પણ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.




એક પેડ માં કે નામ કેમ્પેઈન અંતર્ગત બાળ વિકાસ યોજના અધિકારીની કચેરીના આ.ઈ.સી.ડી.એસ નડીયાદના ઘટક-૦૧ના અધિકારીઓ, કર્મચારીઓ અને આંગણ આંગણવાડી કાર્યકરો દ્વારા એ.પી.એમ.સી.ગ્રાઉન્ડ, પીપલગ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ હતુ.

## નડિયાદ સાથે મહાત્મા ગાંધીજીનો અનન્ય નાતો

નડિયાદ,
નડિયાદમાં આવેલો હિન્દુ અનાથ આશ્રમ આઝાદી સમયે સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે પિયરઘર ગણાતું હતું. આ એ જ આશ્રમ છે, જ્યાં સરદાર પટેલ અને ગાંધીજી એકસાથે ખેડા સત્યાગ્રહની લડત લડ્યા હતા. વર્ષ ૧૯૧૬ માં ગાંધીજીએ ખેડાની ધરતી પર પગ મૂક્યો ત્યારે લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક લોકો ગાંધીજીને લેવા માટે બળદગાડામાં નડિયાદ રેલવે સ્ટેશન પહોચ્યા હતા. એ પ્રસંગની તસવીર આજે પણ આ હિન્દુ અનાથ આશ્રમની ઐતિહાસિક ફોટો ગેલેરીમાં છે.

ગાંધીજી આ આશ્રમમાં ૧૦ દિવસ રોકાયા હતા અને આશ્રમની પ્રવૃતિથી ઘણા પ્રભાવિત થયા હતા. મહાત્મા ગાંધીજીએ આ આશ્રમને દેશનો શ્રેષ્ઠ આશ્રમ છે તેવું પ્રમાણપત્ર તેમના હાથેથી લખીને આપ્યું હતું. કવિવર રવિન્દ્રનાથ ટાગોર પણ આ આશ્રમથી પ્રભાવિત



થઈને તેની મુલાકાત માટે ખાસ અહીંઆવ્યા હતા. આજે પણ આશ્રમમાં ગાંધીવિચાર અને આચરણની ઝલક અનુભવાય છે. અહીં ગાંધીજી અને સરદાર પટેલની યાદમાં વર્ષ ૨૦૦૮મા ગાંધી-સરદાર સ્મૃતિભવનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ સાથે જોડાયેલા આશ્રમના સંસ્મરણોને સંગ્રહવામાં આવ્યા છે. આ આશ્રમમાં રહેલી ગાંધીજી અને સરદાર પટેલની ગોષ્ઠી કરતી પ્રતિમા સૌનું દયાન ખેંચે છે. ૧૧૭ વર્ષ કરતા પણ જૂના આ આશ્રમને સેવાકીય પ્રવૃત્તિ માટે અનેક રાષ્ટ્રીય પુરસ્કાર મળી ચૂકયા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે હિન્દુ અનાથ આશ્રમની ખાસ મુલાકાત લીધી હતી અને તેમણે આશ્રમના સંચાલકો પાસેથી સેવાકીય પ્રવૃતિ તથા સંચાલન પદ્ધતિમાંથી ગુજરાતના વહીવટી વિભાગને શીખ લેવા કહ્યું હતું.

આ આશ્રમ અનાથ બાળકોને ઉત્તમ ઘડતર, શૈક્ષણિક સજ્જતા, આદર્શ જીવનની તકો અને પારિવારિક હુંફ પૂરી પાડે છે. આ આશ્રમનો અત્યાર સુધીમાં ૬,૦૦૦ થી વધુ બાળકોને લાભ મળ્યો છે. આશ્રમની ૬૦૦ જેટલી દીકરીઓના લગ્ન કરાવવામાં આવ્યા છે. એટલું જ નહીં, લગ્ન બાદ પણ દીકરીઓની સંભાળ રાખવામાં આવે છે. આ આશ્રમ દીકરીઓને પિયરની ગરજ સારે છે. દર અખાત્રીજના દિવસે તમામ દીકરીઓને બોલાવીને ભોજન સમારોહ યોજવામાં આવે છે અને દીકરીઓને તેમની જરૂરિયાત પૂછીને મદદ કરવામાં આવે છે. અહીંના બાળકોને વિવિધ વ્યવસાયોમાં કેવી રીતે કામ મળી શકે તે માટે પણ પૂરતા પ્રયત્નો કરવામાં આવે છે. દીકરીઓને બ્યુટી પાર્લર અને રસોઈ માટેની તાલીમ આપવામાં આવે છે, જેનાથી દીકરીઓ આત્મનિર્ભર બની શકે. આશ્રમમાં નબળી પરિસ્થિતિ ધરાવતા લોકોને ફક્ત પાંચ રૂપિયામાં આરોગ્ય સેવા આપવામાં આવે છે.

આમ, ઐતિહાસિક મહત્વ ધરાવતા આ વિશિષ્ટ આશ્રમ દ્વારા સમાજસેવાનું પણ ઉત્તમ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. કાયમી મિલકતની બાબતમાં, પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

ધન:
આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

## ભાવિ શિક્ષિકા બહેનોએ જીલ્લા ન્યાયાલય, નડીઆદની મુલાકાત લીધી

નડિઆદ,
જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદના ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ . એન એ અંજારીઆની સૂચના અને માર્ગદર્શન અનુસાર ફુલ ટાઈમ સેક્રેટરી (સિનિયર સિવિલ જજ કેડર) ડી.બી. જોષી તથા તાલુકા કાનૂની સેવા સમિતિ, સિનિયર સિવિલ કોર્ટ, નડીઆદના ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ . જી ડી. પડીયા દ્વારા મફત કાનૂની સેવા-સહાય અને શિક્ષણની જાણકારી તમામ નાગરિકો સુધી પહોચે તે હેતુસર જનજાગૃતિ અને પ્રચાર-પ્રસારની સઘન અને અસરકારક કામગીરી થાય તે માટે સમયાંતરે અને નિયમિત રૂપે કાનૂની શિક્ષણનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેનાં ભાગરૂપે નડીઆદ સ્થિત સરદાર વલ્લભભાઈ સ્ત્રી અદયાપન મંદિર સંસ્થામાં અભ્યાસ કરતી અને ભવિષ્યમાં શિક્ષિકા તરીકે સેવાઓ આપનાર વિદ્યાર્થીની બહેનોને જીલ્લા ન્યાયાલય, નડીઆદની મુલાકાત અને કામગીરીની માહિતી મેળવવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સરદાર વલ્લભભાઈ સ્ત્રી અદયાપન મંદિરનાં આચાર્ય ડો. પ્રીતીબેન એ. વાઘેલા કુલ-૨૦૦ ભાવિ શિક્ષિકા વિદ્યાર્થીની બહેનોને ૨ દિવસ સુધી ટીમ બનાવીને જીલ્લા ન્યાયાલય નડીઆદની મુલાકાતે આવેલ, જેમાં તાલુકા કાનૂની સેવા સમિતિ, સિનિયર સિવિલ કોર્ટ, નડીઆદના ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ . જી ડી. પડીયા દ્વારા વિદ્યાર્થીનીઓને ન્યાયાલયની કામગીરી વિષે વિસ્તૃત માહિતી અને સમજ આપીને ભવિષ્યમાં શિક્ષિકાઓ તરીકે સારા નાગરિકોનું ઘડતર કરવા પ્રોત્સાહિત કરીને ઉજ્જ્વળ કારકીર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદના ફુલ ટાઈમ સેક્રેટરી (સિનિયર સિવિલ જજ કેડર) . ડી બી. જોષી દ્વારા મફત અને સક્ષમ કાનૂની સેવા-સહાય, મદયસ્થીકરણ પ્રક્રીયા તથા લોક અદાલત વિશે વિસ્તૃત માહિતી અને સમજ આપી હતી.

આ કાર્યક્રમમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદના સુપ્રિન્ટેન્ડેન્ટ એચ એન. ઠાકર તથા નિલેશ ચૌધરી દ્વારા વિદ્યાર્થીનીઓને જીલ્લા ન્યાયાલય નડીઆદ ખાતે આવેલ વિવિધ કોર્ટો અને વિભાગોની રૂબરૂ મુલાકાત કરાવી કામગીરીનું નિરીક્ષણ કરાવ્યું હતું. જેમાં સરદાર વલ્લભભાઈ સ્ત્રી અદયાપન મંદિર નડીઆદનાં આચાર્ય ડો. પ્રીતીબેન એ. વાઘેલા, શિક્ષકગણ તથા ૨૦૦ ભાવિ શિક્ષિકા બહેનો સહિત કુલ-૨૧૦ બહેનોએ હાજર રહીને લાભ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર


# દાહોદ જીલ્લામાં વહીવટી તંત્ર દ્વારા વિશ્વ આદિવાસી દિવસે વિવિધ કાર્યક્રમ યોજાયા

દાહોદ, આજે નવમી ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીને અનુલક્ષીને આદિવાસી પરિવાર દ્વારા દાહોદ જીલ્લાના દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા તેમજ લીમખેડા મુકામે વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે આજે સમાજની અસ્મિતા તેમજ સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ મહારેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વ આદિવાસી દિવસની પૂર્વ સંધ્યાય ગોધરા રોડ ખાતે આવેલાતાતીયા ભીલશેડ નીચે આદિવાસી સમાજના વડવાઓ દ્વારા ધૂણી ધખાવી ખત્રીઓનું પૂજન કરવામાં આવ્યું હતું. જ્યારે આજે આદિવાસી દિવસ નિમિત્તે દાહોદ શહેરમાં મુખ્યત્વે બે દિશાઓમાંથી સાંસ્કૃતિક મહારેલીની શરૂઆત થઈ હતી. પ્રથમ રેલી નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતેથી શરૂ થઈ હતી. જે બસ સ્ટેશન, સ્વામી વિવેકાનંદ સર્કલ, ચાર થાંભલા સર્કલ થઈ બિરસા મુંડા ચોક ખાતે પહોંચી હતી. જ્યારે બીજી મહારેલી શહેરના ગોધરા રોડ નાકાથી શરૂ થઈ ગોધરા રોડ, દેસાઈવાડ જનતા ચોક, હુસેની મસ્જિદ થઈ બિરસા મુંડા સર્કલ પાસે પહોંચી હતી. જ્યાં બંને રેલીનું સમાગમ થયું હતું અને મહારેલી સ્વરૂપે આગળ વધી માણેકચોક, નગરપાલિકા, ગાંધી ચોક, જુની કોર્ટ રોડ, ફાયર સ્ટેશન, ઠક્કરબાપા સર્કલ થઈ તાલુકા પંચાયત કચેરી સામે આદિજાતિ ભવન ખાતે મહારેલીની પૂર્ણાહુતિ થઈ હતી. મહારેલીની શરૂઆત પૂર્વે આદિવાસી સમાજના વડવાઓ દ્વારા ખત્રી પૂજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ આદિવાસી સમાજના આ તહેવારનો આરંભ થયો હતો. જેમાં બંને સ્થળે આદિવાસી સંસ્કૃતિ અને અસ્મિતાને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. તેમજ આદિવાસી સમાજના આગેવાનો દ્વારા સમાજના ઉત્થાન તેમજ જલ, જંગલ, જમીનની રક્ષા કાજે સંબોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ મહારેલી ની શરૂઆત થઈ હતી. આ મહારેલીની શરૂઆતમાં માજી સૈનિક સંગઠનના નિવૃત્ત આર્મી જવાનો દ્વારા પરેડ યોજવામાં આવી હતી. તેની પાછળ આદિવાસી સમાજના પહેરવેશ અને ઓજારોથી સજ્જ આદિવાસી સમાજના લોકોએ પરંપરાગત ઢોલ, ત્રાંસા, વાજિંત્રો, વાંસળીની સુમધુર સુરાવલીઓ રેલાવી હતી. તેની પાછળ મોટી સંખ્યામાં આદિવાસી સમાજના યુવાનો, વૃદ્ધો, વડીલો, મહિલાઓ વગેરે પરંપારિક હેરવેશમાં ટીમલી નૃત્ય સાથે આ તહેવારની ધામધૂમથી ઉજવણી કરી હતી. સમગ્ર મહારેલી





દરમિયાન વિવિધ પ્રકારના સંદેશાઓ આપતા ટેબ્લોએ મહારેલીની શોભા વધારી હતી. જેમાં આદિવાસી સમાજનું કલ્ચર, સંસ્કૃતિ તેમના ઓજારો, તેમની રહેણીકરણી, શિક્ષણ, આરોગ્ય તેમજ સિકલ સેલ ની બીમારીથી જાગૃત કરવા કલાકૃતિ દર્શાવતા ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા. તો સાથે સાથે પોલીસ તંત્ર દ્વારા પણ સાયબર ક્રાઈમ ટ્રાફિકની અવરનેસ, આરટીઓના નિયમો દર્શાવતા ટેબ્લો પણ આ મહારેલીમાં જોવા મળ્યા હતા. આ ઉપરાંત વિવિધ સમાજ દ્વારા મહારેલીનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે સાથે ખાણીપીણીના સ્ટોલ પણ સેવાભાવી સંસ્થા તેમજ જાગૃત નાગરિકો દ્વારા મારેલીના રૂટ પર ઉભા કરવામાં આવ્યા હતા. સમગ્ર રેલી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તથા કોઈપણ પ્રકારની અગવડ ન પડે તેને અનુલક્ષીને આદિવાસી પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવેલા ૬૦૦ જેટલા સ્વયંસેવકોએ તથા દાહોદ એસપી ડો.રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શનમાં પોલીસ અધિકારીઓ તેમજ જવાનોએ દરેક પોઈન્ટ પર, ધાબા પોઈન્ટ પર તથા ડ્રોન કેમેરાના માધ્યમથી પેટ્રોલિંગ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં ૫૦ હજારથી પણ વધુ જનમેદની ઊમટી પડી હતી.

## દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં કાનના દર્દીનું ૬ કલાક ચાલેલ ઓપરેશન, ડોકટર દ્વારા સફળતા પૂર્વક પાર પાડવામાં આવ્યું

દાહોદ, દર્દી નામે મયુરભાઈ કે.બારીયા (૧૩વર્ષ) ઝાલોદ રહેવાસી તારીખ ૦૭/૦૮/૨૦૨૪ નારોજ ઝાયડસ હોસ્પિટલ દાહોદ ખાતે બતાવવા આવેલ. દર્દીને બંને કાનમાં પાક થયેલો જે મગજ સુધી ફેલાઈ ગયેલો. જેથી દર્દી બેહોશીની હાલતમાં હતું. આ માટે તેને ENT વિભાગ તથા મગજના ડોકટરને બતાવી દાખલ કરવામાં આવેલ. દર્દીની હાલત નાજુક હોવાને લીધે તાત્કાલિક ડોકટર હરિશંકર શર્મા તથા ડોકટર ધીરેન હાડા દ્વારા ઓપરેશન કરવામાં આવેલ. જે લગભગ છ (૬) કલાક સુધી ચાલેલું અને સફળતાપૂર્વક પૂર્ણ થયેલ. બે (૨) દિવસ પછી દર્દી તંદુરસ્ત છે. આવું ઓપરેશન સમગ્ર ઝાયડસ હોસ્પિટલ દાહોદમાં પ્રથમ વાર થયેલ છે. તેનો સંપૂર્ણ શ્રેય ડોકટર હરિશંકર શર્મા અને ડોકટર ધીરેન હાડા તથા સમગ્ર કાન, નાક, ગળા (ENT) તથા ન્યુરોસર્જરી વિભાગને જાય છે.

## દાહોદ જીલ્લા પોલીસવડા દ્વારા ૨૬ પોલીસકર્મીને બઢતી આપતા આનંદની લાગણી

દાહોદ, વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે દાહોદ જીલ્લા પોલીસ વડાની દાહોદ જીલ્લા પોલીસને ભેટ આપવામાં આવી હતી. જેમાં ૩૬ પોલીસ કર્મચારીઓને બઢતી આપવામાં આવતાં જીલ્લા પોલીસ વિભાગમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી.

તારીખ ૦૯મી ઓગષ્ટ ૨૦૨૪ના વિશ્વ આદિવાસી દિને સમગ્ર વિશ્વામાં હર્ષોઉલ્લાસ સાથે પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે દાહોદ જીલ્લા પોલીસ વડા ડૉ. રાજદિપસિંહ ઝાલા દ્વારા દાહોદ જીલ્લાના પોલીસ કર્મચારીઓને પ્રમોશનની ભેટ આપવામાં આવી છે. દાહોદ જીલ્લાના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત જીલ્લાના પોલીસ કર્મચારીઓની એક સાથે ૩૬ પોલીસ કર્મચારીઓને પ્રમોશન આપવામાં આવ્યું હોય તેમ કહી શકાય. જેમાં દાહોદ જીલ્લામાં પોલીસમાં ફરજ બજાવતાં ૨૦ અનાર્મ/ આર્મ્ડ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ. તરીકે આપવામાં આવેલ છે. જ્યારે અનાર્મ/ આર્મ્ડ પોલીસ હેડ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવેલ છે. આમ, દાહોદ જીલ્લા પોલીસ વડા દ્વારા દાહોદ જીલ્લા પોલીસને વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છા સાથે ૩૬ પોલીસ કર્મચારીઓને બઢતીની ભેટ આપી આ શુભ દિવસને અવિસ્મરણીય બનાવવામાં આવતાં દાહોદ જીલ્લા પોલીસ વિભાગના કર્મચારીઓમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે.

## દાહોદ જીલ્લાના દે.બારિયા મુકામે આવેલ પરીઓસા ડેરીના શ્રમયોગીને પડેલા દિવસોના પુરા પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા મજુર અદાલત દાહોદનો આખરી આદેશ

દાહોદ, દાહોદ જીલ્લાના બારીયા મુકામે આવેલ પરીઓસા ડેરી જે અગાઉ ગોધરા મુકામે સ્વામિનારાયણ સેલ્સ કોર્પોરેશનના નામથી ઓળખાતી હતી. જેમાં વર્ષ ૧૯૮૮થી ફરજ બજાવતા સુરેશભાઈ ધનાભાઈ બારીયા જેઓને માસિક રૂપિયા ૯,૦૦૦ હજાર પગાર ચૂકવવામાં આવતો હતો અને તેમની પાસે સવારના ૮:૦૦ થી રાતના ૯-૦૦ કલાક સુધી ફરજ લેવામાં આવતી હતી. એ અરસા દરમિયાન આ કામના સામાવાળાઓના પરિવાર વચ્ચે ધંધાકીય વિવાદ ઉપસ્થિત થતા ગોધરા મુકામે આવેલ સ્વામિનારાયણ સેલ્સ કોર્પોરેશન બંધ કરી તે ડેરી તાત્કાલિક અસરથી દેવગઢ બારીયા મુકામે ટ્રાન્સફર કરવામાં આવેલ અને તે ડેરીનું નામ પરીઓ સા ડેરી રાખવામાં આવેલ આ કામના અરજદાર સુરેશભાઈને તેમની સળંગ નોકરીગણી દેવગઢ બારિયા મુકામે પરીઓ સા ડેરીમાં તારીખ ૧૮/૦૧/૨૦૨૨ નારોજ ફરજ ઉપર હાજર કરે પરંતુ તે દિવસે આ કામના ડેરીના માલિક દ્વારા અરજદારને નોકરી પૂરી થતાં તારીખ ૧૯/૦૧/૨૦૨૨ રોજ થી ફરજ ઉપર થી છુટા કરવાનું મૌખિક હુકમથી જણાવેલ પરંતુ છુટા કરતા સમયે અરજદારને કોઈ નોટિસ નોટિસ પગાર બેકારી વળતર ગ્રેજ્યુટી કે મળવા પાત્ર કોઈપણ પ્રકારના હક્ક હિસ્સાઓ ચૂકવેલ ના હતા. જે બાબતે અરજદારે ડેરીના માલિકને તેમને મળવા પાત્ર તમામ કિસ્સાઓ ચૂકવી આપવા વિનંતી કરેલ પરંતુ તેવા કોઈપણ પ્રકારના લાભો આપવાનો ઈનકાર કરતા અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈનો સંપર્ક કરી ઔદ્યોગિક વિવાદ ધારા અધિનિયમ૧૦(૧) હેઠળ પડેલા દિવસોના પુરા પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા મજુર અદાલત દાહોદ સમક્ષ રેફરન્સ કેસ નંબર ૮ /૨૨૧૯ જે કેસ ચાલી જતા નામદાર મજુર અદાલત દાહોદ સમક્ષ ફેડરેશનના પ્રતિનિધિ એસએસ ચૌહાણ દ્વારા કેસમાં પડેલા પુરાવા આધારિત દલીલો કરતા આ કામના અરજદાર સુરેશ બારીયાને તારીખ ૧૯/૦૬/૨૦૨૩ નારોજ માલિકનું છુટ કરવાનું પગલું ગેરકાયદેસર ઠેરવી અરજદારને પડેલા દિવસોના પૂરેપૂરા પગાર સહિત તેમની મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા તથા ખર્ચની રકમ રૂપિયા ૫,૦૦૦ ચૂકવવાનો આખરી આદેશ મજુર અદાલત દાહોદના પ્રમુખ અધિકારી છાયાબેન મહેતાએ કરતા કરતા અરજદારના પરિવારમાં આનંદની લાગણી પ્રવૃતિ છે.

## ધાનપુર અલીન્દ્રા ભીંડોલ જંગલમાં રીંછે આધેડ વ્યકિત ઉપર હુમલો કરતાં સારવાર માટે ઝાયડસમાં ખસેડાયો

દાહોદ, ધાનપુર તાલુકાના અલીન્દ્રા ભીંડોલ જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણી રીછેં એક આધેડ ઉપર હુમલો કરતા રીંછનાના હુમલામાં ઈજાગ્રસ્ત આધેડને લોહીલુહાણ અવસ્થામાં ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યું હતું. જ્યાં હાલ આ આધેડ સારવાર હેઠળ હોવાનું સામે આવ્યું છે.

ગીચ વનરાજી ધરાવતા દેવગઢ બારીયા તેમજ ધાનપુર વિસ્તારમાં અવારનવાર હિંસક પ્રાણીઓ માનવ વસાહતમાં અથવા જંગલ વિસ્તારમાં માનવજાત ઉપર હુમલો કરવાના બનાવો કેટલીય વખત સામે આવ્યા છે. જોકે તાજેતરમાં ધાનપુર તેમજ બારીયા વિસ્તારમાં વન્ય પ્રાણી રીંછના હુમલાના બનાવોનો પ્રમાણ વધ્યું હોવાનું ચિંતાજનક રીતે બહાર આવ્યું છે. ગતરોજ ધાનપુર તાલુકાના ખલતા ગરબડી ગામના ભુદરભાઈ મોહનિયા પોતાની સાસરીમાંથી છ વાગ્યાના અરસામાં ઘરે પરત આવી રહ્યા હતા. જ્યાં રસ્તામાં અલીન્દ્રા-ભીંડોલ જંગલ વિસ્તારમાં ઓચિંતા આવેલા રીંછે ભુદરભાઈ પર હુમલો કરતા તેઓને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા રીંછના હુમલામાં લોહી લુહાણ અવસ્થામાં પહોંચેલા ભુદરભાઈને સ્થાનિકોએ ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો અને બનાવની જાણ વનવિભાગને કરતા વન વિભાગની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. હાલ ભુદરભાઈ ઝાયડસ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જોકે ચોમાસાની ઋતુ દરમિયાન વન્ય પ્રાણીઓનુ પ્રજનન ક્રિયા કરવાનો સમય હોય છે. આ સમયે વન્ય પ્રાણી વધુ હિંસક બનતા હોવાથી વન વિભાગ દ્વારા જંગલ વિસ્તારના આસપાસના લોકોને એકલા અને ખાસ કરીને સાંજના સમયે જંગલ વિસ્તારમાં ન જવા માટે સૂચના આપવામાં આવ્યા છે. સાથે સાથે આવું કોઈ પ્રાણી દેખાય તો વન વિભાગને તાત્કાલિક અસરથી જાણ કરવા માટે લોકોને સમજણ આપવામાં આવી રહી છે.

## ધાનપુરના ગઢવેલ ગામે બુટલેગરો દ્વારા પથ્થરમારાના હુમલામાં ૨૦ જેટલા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ, દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ગઢવેલ ગામે ઝરી ફળિયાના જંગલમાં વિદેશી દારૂ પકડવા ગયેલ ધાનપુર પોલીસ પર બુટલેગરોના પથ્થર મારાના હુમલામાં પોલીસે ૨૦ જેટલા બુટલેગરોના ટોળા વિરૂધ્ધ ગુનો નોંધી તેઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યાનું જાણવા મળે છે. ત્યારે બુટલેગર ટોળકીએ કરેલ ઓચિંતો ભારે પથ્થરમારામાં એક પોલીસ કોન્સ્ટેબલને ગંભીર ઈજાઓ તેમજ પીએસઆઈને ઓછી વધતી ઈજાઓ થતા ગંભીર ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે બુટલેગરો દ્વારા ઓચિંતા કરવામાં આવેલા ભારે પથ્થરમારાથી પોલીસ પણ ડઘાઈને પોતાના બચાવમાં લાગી ગઈ હતી.

ધાનપુર પીએસઆઈ એસ જે રાઠોડને પ્રોહિબિશન અંગેની મળેલ બાતમીને આધારે પીએસઆઈ રાઠોડ પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓની ટીમને સાથે લઈ ધાનપુર તાલુકાના ગઢવેલ ગામે ઝરી ફળિયામાં વોચ ગોઠવી પોતાના શિકારની રાહ જોઈ ઉભા હતા. તે દરમિયાન બપોરના સાડા ત્રણ વાગ્યાના સુમારે મધ્યપ્રદેશના અલીરાજપુર જીલ્લાના કઠીવાડા તાલુકાના ગોળઆંબા ગામના ઈશ્વરભાઈ જીગીરીયાભાઈ કિરાડ, બાબુભાઈ જીગીરીયાભાઈ કિરાડ, રાહુલભાઈ દૂરસિંગભાઈ કિરાડ, રવિભાઈ દૂરસિંગભાઈ કિરાડ, લક્ષ્મણભાઈ પાર્સિંગભાઈ કનેશ, પરશુભાઈ ભગતભાઈ કિરાડ, ધાનપુરના ગઢવેલ ગામના બળવંતભાઈ બાપુભાઈ રાઠવા, વિદેશભાઈ શંકરભાઈ રાઠવા, ધાનપુરના ટોકરવા ગામના દિલવરભાઈ પર્વતભાઈ બારીયા તથા અન્ય૧૦ મળી કુલ ૨૦ જેટલા બુટલેગરો તેમની મોટર સાયકલો ઉપર કંતાનના થેલામાં લગડાની જેમ બાંધીને કંઈક લઈને આવી રહ્યા હતા. તે તમામ બુટલેગરો વોચમાં ઉભેલા પોલીસના માણસોને જોઈ જતા તેમના કબજાની મોટરસાયકલો પરત વળાવી ઝરી ફળિયાના જંગલમાં જઈને પોતપોતાની મોટર સાયકલો એક તરફ ઊભી રાખી તમામ બુટલેગરો એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી, તમો પોલીસવાળા વારંવાર અમારો દારૂ પકડો છો. આજે તો તમને છોડવાના નથી અને જાનથી મારી નાખવાના છે. તેમ કહી મારી નાખવાની ધાક ધમકીઓ આપી પોલીસના માણસો પર ઓચિંતો ભારે પથ્થરમારો કરી હુમલો કરતા પોલીસ પર થયેલા ઓચિંતા હુમલાને કારણે પોલીસ પણ ડઘાઈ ગઈ હતી. અને પોલીસ પરના હુમલા થી સમગ્ર પોલીસ તંત્ર હચમચી ઉઠ્યું હતું. આ પથ્થર મારામાં પોલીસ કોન્સ્ટેબલ વીરસીંગભાઈ નારસિંગ ભાઈને મોઢા પર આંખની નજીક પથ્થર વાગી જતા આંખની નજીકના ભાગે ફેક્ચર થતા ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે પી.એસ.આઈ એસ જે રાઠોડને ડાબી બાજુના ખભાના ભાગે પથ્થર વાગતા ઈજા થવા પામી હતી. ગંભીર ઈજાગ્રસ્ત પોલીસ કોન્સ્ટેબલ વીરસીંગભાઈ નારસિંગભાઈને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ દાહોદ જીલ્લા પોલીસ વડા રાજદીપસિંહ ઝાલા, નાયબ પોલીસ અધિક્ષક જગદીશસિંહ ભંડારી તેમજ દાહોદ એલસીબી અધિકારીઓ પોલીસ કુમક સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. અને જીલ્લા પોલીસ વડાએ સ્થળ પર જઈ સ્થિતિનો તાગ મેળવી જરૂરી સુચનાઓ આપી હતી. આ સંબંધે ધાનપુર પોલીસે ઉપરોક્ત ૨૦ જેટલા બુટલેગરો વિરૂદ્ધ બીએનએસ કલમ ૧૨૧ (૧), ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૩૨, ૧૮૯ (૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૫૨, ૩૫૧(૨) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.






અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩" (N.F.S.A.)
હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશન કાર્ડ ધારક કુટુંબોની ૩.૬૦ કરોડ જનસંખ્યાને

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ઓગસ્ટ - ૨૦૨૪ માસના ઘઉં, ચોખા, બાજરી અને જુવારના
વિનામૂલ્યે વિતરણની જાણકારી

| ક્રમ | અનાજ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |
| ૫ | બાજરી | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ (વડોદરા સિવાય) |
| ૬ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| ૭ | જુવાર | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા. | વડોદરા |
| ૮ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |

રાજ્ય સરકારની ચણા, તુવેરદાળ, ખાદ્યતેલ, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ (ઉપલબ્ધિ મુજબ) | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા. ₹ |
|---|---|---|---|---|
| ૧ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે ખાદ્ય તેલ (સીંગતેલ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિ.પાઉચ | ૧૦૦ |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૫ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે વધારાની ખાંડ | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| ૭ | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૮ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઑગસ્ટ - ૨૦૨૪ માસનું વિતરણ
તારીખ ૦૧/૦૮/૨૦૨૪ થી ૩૧/૦૮/૨૦૨૪ સુધી ચાલુ રહેશે.

લાભાર્થી પુરવઠાને લગતી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.



Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.298

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# આદિવાસીઓની દિવાળી એટલે વિશ્વ આદિવાસી દિવસ

ગોધરા,

આજે ગોધરામાં આદિવાસી વિકાસ ફાઉન્ડેશન,ગોધરા નાં નેજા હેઠળ આન, બાન અને શાનથી વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી આદિવાસીઓ દ્વારા કરવામાં આવી. ગોધરા શહેર તેમજ તાલુકાના વિવિધ ગામોમાં વસતા આદિવાસી સમાજના ભાઈઓ, બહેનો, બાળકો સૌ કોઈ ગોધરા શહેરનાં સાંપા રોડ ઉપર આવેલી ભક્તિ નગર પાછળ સત કેવલ મંદિરના મેદાનમાં એકત્ર થયા હતા. જેમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં આદિવાસી સમાજના ઉજ્જ્વળ કારકિર્દીના બીજ રોપનારા આદિવાસી ગણ નાયકો




ભગવાન બિરસા મુંડા, શ્રી ગુરૂ ગોવિંદ, રાણા પૂંજા ભીલ તેમજ અનેક પ્રતિભાઓને યાદ કરવામાં આવ્યા હતા. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં આદિવાસી વિકાસ ફાઉન્ડેશન, ગોધરાના પ્રમુખ ડો. કનુભાઈ ચંદાણા,આદિવાસી એકટીવિસ્ટ પ્રવીણભાઈ પારગી સમગ્ર સમારંભનાં અદયક્ષ ડો.મહેશભાઈ રાઠવા(શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ટ્રાઈબલ ચેરના કન્વિનર)દેવજીભાઈ ડામોર, પ્રો.હરી પ્રસાદ કમોલ, નાથુભાઈ તડવી સહિત અનેક મહાનુભાવો અને સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિશ્વ આદિવાસી દિવસને ભવ્ય બનાવ્યો હતો. કાર્યક્રમમાં દયાળ મુખ્ય પ્રાથમિક શાળા અને દરૂણીયા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીઓએ પ્રાર્થના,સ્વાગત ગીત તેમજ આદિવાસી લોક નૃત્યો રજૂ કર્યા હતા. ત્યાર બાદ વિશ્વ આદિવાસી દિવસ નિમિતે ગોધરા શહેરના સાંપા રોડ ભક્તિ નગર સત કેવલ મંદિરની બાજુમાં આવેલા વિશાળ મેદાન થી મહા રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જે રેલી લુણાવાડા રોડ, ભુરાવાવ ચાર



રસ્તા, બસ સ્ટેન્ડ, ગાંધી પેટ્રોલ પંપ, બામરોલી રોડ થઈ વાવડી બૂજર્ગ વિસ્તારમાં આવેલી સત્યમ કો.ઓ.સોસાયટીના મેદાન ખાતે પૂર્ણ થઈ હતી. આદિવાસીઓની મહારેલી ગોધરા શહેરના રાજમાર્ગો ઉપરથી આન, બાન અને શાનથી નીકળી ત્યારે આદિવાસીઓની સૌમ્યતા, શિસ્તબદ્ધ,એકતાનાં દર્શન નગરજનોને થવા પામ્યા હતા. સમગ્ર રૂટ ઉપર પોલીસ પ્રશાસન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરતા તમામ મહાનુભાવો દ્વારા આદિવાસી સમાજને જાગૃત કરવાની અને સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી. સમાજમાં પ્રવર્તતા સામજિક કુરિવાજો જેવા કે દહેજ પ્રથા, દારૂ પ્રથા, ડી.જે.અંધ વિશ્વાસ દૂર કરી માત્ર આગામી સમયમાં શિક્ષણ અને ઉજ્જ્વળ કારકિર્દી ઉપર ધ્યાન આપવા જણાવ્યું હતું. સમાજમાં તાજેતરમાં જ ધો.૧૦,૧૨,ગ્રેજ્યુએટ, તબીબી શિક્ષણ, આયુર્વેદિક શિક્ષણ,ઇન્ફર મેશન ટેકનોલોજી, પી.એચ.ડી. થયેલા તેમજ આઇ.પી.એસ,આઇ. એ.એસ.તેમજ વિવિધ ટોપ કેડરની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ અને તેજસ્વી તારલાઓનું પ્રમાણપત્ર, ટ્રોફી આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમાજના વિવિધ ક્ષેત્રોમાં અગ્રીમ ભૂમિકા ભજવતા લોકોનું આદિવાસી ગમછા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધગામોના સરપંચ, તાલુકા જિલ્લા સદસ્યો, રાજકારણી, અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહારેલીનું દરેક જગ્યા ઉપર વિવિધ રાજકીય પાર્ટીઓ, સામજિક સંગઠનો, સંસ્થાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ગોધરા ખાતે તિરંગા યાત્રામાં ૧૩ ઓગસ્ટના દિવસે ઉજવણી કરવામાં આવશે

ગોધરા,

આપણો રાષ્ટ્રધ્વજ આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં હરા ઘર તિરંગા અભિયાન અંતર્ગત સ્વતંત્રતા સપ્તાહનું આયોજન કરાયું છે. જીલ્લામાં તા.૧૨ ઓગષ્ટના રોજ તાલુકા તથા ૧૩ ઓગષ્ટના રોજ ગોધરા ખાતે ત્રિરંગા યાત્રાનું આયોજન કરાયું છે.

આ કાર્યક્રમ અંતર્ગત જીલ્લા કક્ષાની તિરંગા યાત્રા ગોધરા શહેર ખાતે તા.૧૩/૦૮/૨૦૨૪ ને મંગળવારાના રોજ સાંજના ૩ કલાકે યોજવામાં આવશે. સદર તિરંગા યાત્રાનો રૂટ પોલીસ હેડ ક્વાર્ટરથી શરૂ કરી પાંજરા પોળ ચિત્રા રોડ વિશ્વકર્મા ચોક પટેલ વાડા પોલણ બજાર ચોકી નં-૭ ગોદવણી રોડ-બી ડીવી. પો.સ્ટે. પિમ્પુટકર ચોકથી રામસગર તળાવ (હોળી ચકલા) ખાતે યાત્રાનુ સમાપન કરાશે. આ તિરંગાયાત્રામાં જોડાવા માટે પંચમહાલ જીલ્લાની જાહેર જનતા, એન.જી.ઓ, તમામ સમાજના લોકો,શાળા કોલેજના વિદ્યાર્થીઓને જીલ્લા વહીવટી તંત્ર પંચમહાલ તરફથી અનુરોધ કરાયો છે.

## ગોધરા નગરપાલિકા વિસ્તારમાં રખડતા ઢોર બાબતે પશુ ધારકોએ નોંધ લેવા બાબત

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા નગરપાલિકા વિસ્તારમાં પશુઓ રાખતા માલિકોને આથી જાણ કરવામાં આવે છે કે શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકારની શહેરી વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવવા અને નિયંત્રણ અંગે માર્ગદર્શિકા - ૨૦૨૩ તા.૨૧.૦૮.૨૦૨૩ના રોજ પ્રસિધ્ધ કરેલ છે.

જેને લઈને ગોધરા નગરપાલિકાના વિસ્તારમાં ચુસ્ત અમલ ચાલુ હોઈ જેથી પશુ (ઢોર) ધારકોએ પોતાના પશુઓ રખડતા ન મુકવા અને પોતાની જગ્યામાં રાખવા જાણ કરવામાં આવે છે. અને જો તેમ કરવામાં ચુક થશે અને પશુઓ રખડતા માલુમ પડશે તો કસુરવાર સામે. (ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૨૭૫-(ચ)(જ) અને કલમ ૨૭૭) પશુ ત્રાસ અટકાવવા અને નિયંત્રણ અંગે માર્ગદર્શિકા -૨૦૨૩ તા. ૨૧.૦૮.૨૦૨૩,મુજબ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે, તેમજ પોલીસ એકટ અંતર્ગત ફરીયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ પશુ ધારકોએ સખત નોંધ લેવા મુખ્ય અધિકારી, નગરપાલિકા ગોધરા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પંચમહાલના જાંબુઘોડા તાલુકાના નારૂકોટ ખાતે ૭૫મા જીલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરાશે

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં આગામી ૧૪ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડની અધ્યક્ષતામાં ૭૫મા જીલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરાશે.૧૪ ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકે સાયન્સ કોલેજ, નારૂકોટ તા.જાંબુઘોડા ખાતે ઉજવણી કરવામાં આવશે તેમ નાયબ વન સંરક્ષક સામાજીક વનીકરણ વિભાગ ગોધરા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મોરવા હડફ તાલુકાના સાગવાડા,દેલોચ અને મોરા-૨ ખાતે પેટા આરોગ્ય કેન્દ્રનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



ગોધરા,

પંચમહાલ જીલ્લાના આદિજાતિ વિસ્તાર મોરવા હડફ તાલુકામાં રાજયના પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ, જીલ્લા પંચાયતના પ્રમુખ રેણુકાબેન ડાયરા, ધારાસભ્ય નિમિષાબેન સુથાર અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ત્રણ પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું.

મોરવા હડફ તાલુકાના સાગવાડા,દેલોચ અને મોરા-૨ ખાતે પેટા આરોગ્ય કેન્દ્રનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.મંત્રી અને મહાનુભાવોએ રીબીન કાપીને આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું.પંચમહાલ જીલ્લા કલેકટર આશિષ કુમાર સહિત વહીવટી તંત્રના અધિકારીઓ,ગ્રામજનોની હાજરીમાં પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ થતા સ્થાનિક આરોગ્યની સેવાઓમાં વધારો થશે.

## ગોધરા-વડોદરા રોડ તૃપ્તિ ચોકડી પાસે એ-ડીવીઝન પોલીસ મથકના કર્મચારી ઉપર મારી નાંખવાના ઈરાદે ગાડીને આરોપીએ ટકકર મારતા ફરિયાદ

ગોધરા,

ગોધરા-વડોદરા હાઈવે રોડ તૃપ્તિ ચોકડી પાસે ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા કર્મચારી હોવાનુ આરોપી ઈસમો જાણતા હોવા છતાં ફરિયાદીની ફોર વ્હિલ ગાડીને ટકકર મારી ફેટલ કરવાના ઈરાદે હુમલો કરી જાનથી મારી નાંખવાની કોશિષ કરી એકબીજાની મદદગારી કરી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવવા પામી છે.પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા-વડોદરા હાઈવે રોડ તૃપ્તિ ચોકડી વણાંકપુર ખાતે આરોપી ઈસમ વાહીદ યુસુફ મીઠા તથા અન્ય બે ઈસમો ફરિયાદી જીતેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ સોલંકી પોલીસ કર્મચારી છે તેવુ જાણતા હોય ફરિયાદી પોલીસ કર્મીએ અગાઉ તે આરોપી ઉપર ગૌવંશ કતલ અટકાવવાના કેસો કરેલ હોય તેમજ નાઈટમાં એ-ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં રખડતી ગાયોની ચોરી કરવા આવતા હોય પીછો કરી ભગાડેલ હોય આ બાબતની અદાવત રાખી આરોપી ઈસમોએ ફરિયાદીની ફોર વ્હિલ ગાડી નં.-જીજે-૦૬-પીજે-૫૨૩ને ટકકર મારી ફેટલ કરવાના આશયથી જીવલેણ હુમલો કરી જાનથી મારી નાંખવાની કોશિષ કરી આરોપી એકબીજાને મદદગારી કરી પોતાનુ વાહન મુકી નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

## શહેરાના સદનપુર ગામેથી સફેદ પથ્થર ભરેલ ટ્રક સહિત ૧૫ લાખનો મુદ્દામાલ સીઝ કરાયો

શહેરા,

શહેરા તાલુકાના સદનપુર ગામે એક ટ્રકમાં ગેરકાયદેસર સફેદ પથ્થર ભરીને પસાર થઈ રહી છે તેવી બાતમીના આધારે જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમે વોચ ગોઠવી પથ્થર ભરેલ ટ્રકના ચાલકની અટકાયત કરી ૧૫ લાખનો મુદ્દામાલ સીઝ કરી શહેરા મામલતદાર કચેરી ખાતે મુકવામાં આવ્યો હતો.

પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમને બાતમી મળી હતી કે, શહેરાના સદનપુર ગામે એક ટ્રકમાં ગેરકાયદેસર રીતે સફેદ પથ્થર ભરીને પસાર થઈ રહી છે તેવી બાતમીના આધારે ખાણ ખનીજ વિભાગની ટીમે વોચ ગોઠવી ટ્રકના ચાલકની અટકાયત કરી તેમજ ટ્રક સહિત ૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ શહેરા મામલતદાર કચેરી ખાતે સીઝ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

## ગોધરા તાલુકાના મેરપના બુટલેગર જશવંતસિંહ ઉર્ફે જશુની પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલમાં મોકલી આપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના મેરપ ગામના લીસ્ટેડ પ્રોહિબીશન પ્રોહિબીશન બુટલેગર અલગ-અલગ પોલીસ મથકમાં વિદેશી દારૂ રાખવાના તેમજ હેરાફેરીના ગુનો નોંધાયેલ હોય એલ.સી.બી.પોલીસે પાસાની દરખાસ્ત જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. આરોપી બુટલેગરના પાસાની દરખાસ્ત મંજુર કરતાં પોલીસે બુટલેગરની અટકાયત કરી સુરત જેલમાં મોકલી આપ્યો.



વિસ્તૃત વિગતો મુજબ ગોધરા તાલુકાના મેરપ ગામે રહેતા લીસ્ટેડ પ્રોહિબીશન બુટલેગર્સ જશવંતસિંહ ઉર્ફે જશુ પર્વતસિંહ બારીયા સામે ગોધરા તાલુકા, શહેરા અને જાંબુઘોડા પોલીસ મથક વિદેશી દારૂ રાખવા તેમજ હેરાફેરીના ગુનાઓ નોંધાયેલ હોય તેવા બુટલેગર સામે પંચમહાલ એલ.સી.બી.પોલીસે પાસાની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરાને મોકલી હતી. જીલ્લા મેજીસ્ટ્રેટ આશીષકુમાર તરફ પાસાની દરખાસ્ત મંજુર કરી સુરત મધ્યસ્થ જેલમાં મોકલી આપવાનો હુકમ કરેલ હોય એલ.સી.બી.પોલીસે બુટલેગર આરોપી જશવંતસિંહ ઉર્ફે જશુ બારીયાની અટકાયત કરી પાસા હેઠળ સુરત જેલમાં મોકલી આપવામાં આવ્યો.

## વેજલપુર બળિયાદેવ ડુંગરી ઉપર જુગાર રમતા ચાર જુગારીયાઓને ઝડપી પાડવામાં આવ્યા



કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર બળિયાદેવ સામે ડુંગરી ઉપર ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ચાર ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલ તાલુકાના વેજલપુર બળિયાદેવ સામે ડુંગરી ઉપર ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી સોહેલ યુસુફ બાલા, કમલેશ લક્ષ્મણભાઈ પટેલ, વિષ્ણુ દશરથભાઈ પરમાર, પ્રફુલભાઈ શરદભાઈ ભટ્ટને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી દરમિયાન અને દાવ ઉપર મુકેલ ૧૫,૪૨૦/- રૂપિયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જયારે જુગાર રમાડનાર ઐયુબ ઉર્ફે ડીગો હમીદ પથીયા નાસી જઈ ગુનો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવવા પામી છે.

## દે.બારીઆ શહેરમાં વિશ્વ આદિવાસી દિવસને લઈને રેલીનું આયોજન કરાયું

દે.બારીયા,

આદિવાસી જાતિના ઉત્કર્ષ માટે કટીબધ્ધ ગુજરાત સરકાર ૯ ઓગસ્ટ ૨૦૨૪ વિશ્વ આદિવાસી દિવસને લઈ ઉજવણી રાજ્યના ૨૭ સ્થળો પર રાજ્યકક્ષાનો કાર્યક્રમનો જીવંત પ્રસારણ કાર્યક્રમનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ખેડબ્રહ્મા ખાતે યોજવામાં આવ્યો હતો. તેના ભાગરૂપે દે.બારીયા શહેરમાં પણ તાલુકાના આદિવાસી બાંધવોના દ્વારા તા.૦૯/૦૮/૨૦૨૪ શુક્રવારના ૧૦.૩૦ ભેગા મળી એક રેલીના



સ્વરૂપે બસ સ્ટેન્ડ, સમડી સર્કલ તેમજ કન્યાશાળા રોડ થઈ સર્કલ બજાર થઈ ટાવર પાસે પરત જે જગ્યા ઉપરથી રેલી શરૂ કરાઈ હતી. ત્યાં પરત ફરી હતી.

## પંચમહાલ જીલ્લાના મોરવા હડફ તાલુકાના મોરા ખાતે મંત્રીના અધ્યક્ષસ્થાને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ

ગોધરા,

ભારત અને ગુજરાતમાં વસવાટ કરતા મૂળ નિવાસીઓ આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્ય, કાયદાકીય અને રાજકીય રીતે ઉત્કર્ષ થાય, તેઓ અન્ય હરોળમાં આવે તેમજ બિન આદિવાસી સમુદાય પણ તેમને હક આપવા માટે સહભાગીદાર બને તે હેતુથી દર વર્ષે ૯ મી ઓગષ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. પંચમહાલ જીલ્લામાં આદિજાતિ વિસ્તાર મોરવા હડફ તાલુકાના મોરા એ.પી.એમ.સી.ખાતે રાજ્યના પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ હતી. આ તકે મહાનુભાવો દ્વારા બિરસા મુંડા અને ગોવિંદ ગુરૂને યાદ કરીને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી,દીપ પ્રાગટ્ય,નૃત્ય થકી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી.આ પ્રસંગે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડએ પોતાના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, ઐતિહાસિક વારસો અને પરંપરાને ટકાવી રાખનાર આદિવાસી સમુદાય દેશની ધરા પર મહત્વનું સ્થાન ધરાવે છે. દેશની આઝાદીની ચળવળ માટે આદિવાસી સમાજે અનેક પ્રયત્નો કર્યા



હતા. તેમણે માનગઢ ધામ સહિત આદિવાસી સમાજના નાયકોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે, બંધારણ સહિત પંચાયતથી લઈને પાર્લમેન્ટ સુધી સરકારએ આદિવાસી સમાજને અનેક હકો આપ્યા છે. સરકારે આદિજાતિ વિસ્તારોમાં આરોગ્ય,રોજગાર અને શિક્ષણને પ્રાધાન્ય આપીને અનેક યોજનાઓ કાર્યરત કરી છે. જેના થકી આદિજાતિ વિસ્તારોમાં આજે સર્વાંગી વિકાસ થયો છે. તેમણે ઉપસ્થિતોને પ્રાકૃતિક અને મીલેટ ખેતીને પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું. તેમણે ૨૦૪૭ વિકસિત ભારતની સંકલ્પના સહિત સરકારની યોજનાઓ વિશે માહિતી આપી હતી. આ તકે મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથારે આદિવાસી સભ્યતા અને સંસ્કૃતિને યાદ કરતાકહ્યું કે,આદિવાસી સમાજને મુખ્ય ધારામાં લાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.આઝાદીની ચળવળ દરમિયાન હજારો આદિવાસી વીરોએ પોતાની આહુતિ આપી છે તેને ઉજાગર કરીને તેમને માન સન્માન આપવાનું કામ સરકારે કર્યું છે.વન બંધુ કલ્યાણ યોજના, એકલવ્ય મોડેલ સ્કૂલ જેવી યોજનાઓ સહિત આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થયો છે.આ તકે તેમણે પંચમહાલ જીલ્લાના આદિવાસી નાયક સંત જોરીયા પરમેશ્વર અને રૂપસિંહ નાયકને યાદ કર્યા હતા.આજે આ આદિવાસી નાયકોના નામ પરથી જાંબુઘોડા તાલુકામાં શાળાઓ શરૂ કરાઈ છે.તેમણે તિલ્કા માંઝી, ભીમા નાયક, રાણા પૂંજા ભીલ, રાણી દુર્ગાવતી, બિરસા મુંડાના જીવન ચરિત્રને યાદ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામ લોકોએ મુખ્યમંત્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.આ પ્રસંગે જીલ્લા કલેકટર આશિષ કુમારે પ્રાસંગિક ઉદ્દબોધન કરીને આજના દિવસનું મહત્વ સમજાવ્યું હતું તો પ્રાયોજના વહીવટદાર ડી.આર.પટેલ દ્વારા આભારવિધિ રજૂ કરાઈ હતી. આ પ્રસંગે મંત્રી અને મહાનુભાવોના હસ્તે આદિવાસી સમાજના વિશિષ્ઠ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ, રમતવીરો, કલાકારો તથા ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર લોકોને સન્માનપત્ર, ટ્રોફી અને સાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને રૂ. ૨૮ લાખ ૩૫ હજારથી વધુની સહાયના ચેક અને પેમેન્ટ ઓર્ડર વિતરણ કરાયા હતા. જેમાં મિશન મંગલમ યોજના હેઠળ ૦૩ લાભાર્થીઓને રૂ. ૧૮.૫૦ લાખની સહાય, જીટીડીસી નિગમ અંતર્ગત ૦૧ લાભાર્થીને રૂ. ૧.૫૦ લાખની સહાય, વન અધિકાર અધિનિયમ હેઠળ બે લાભાર્થીઓને જમીનના અધિકારપત્ર, બાગાયત હેઠળ ૦૨ લાભાર્થીઓને રૂ. ૫.૨૫ લાખની સહાય, મકાન સહાય હેઠળ ૦૨ લાભાર્થીઓને ૨.૪૦ લાખની સહાય સહિત વિવિધ યોજનાઓ અંતર્ગત સહાયના પેમેન્ટ ઓર્ડર વિતરણ કરાયા હતા.

## ગોધરા તાલુકાના ગોલ્લાવ રોડ ઈકો અને ટેન્કર વચ્ચે અકસ્માતમાં ચાર વ્યકિતના મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ગોલ્લાવ ગામ પાસે આવેલ આઈ.ટી.આઈ. પાસે ટેન્કર અને ઈકો વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઈકોમાં સવાર ત્રણ વ્યકિતનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યા હતા. જયારે અકસ્માતની ઘટના બાદ ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા બે વ્યકિતને સારવાર અર્થે ખસેડતા સારવાર મળે તે પહેલા એક વ્યકિતનું મોત નિપજાવા પામ્યું. અકસ્માતમાં મોતને ભેટેલ ૪ વ્યકિતના મૃતદેહ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગોલ્લાવ ગામે આઈ.ટી.આઈ. પાસેથી ઈકો ગાડીમાં ૭ વ્યકિતઓ બેસીને પસાર થઈ રહ્યા હતા. ત્યારે માતેલા સાંઢની જેમ ધસી આવેલ ટેન્કરએ ઈકો કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટેન્કર અને ઈકો કાર વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં છોટાઉદેપુરના ૩ વ્યકિતઓના ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યા હતા. જયારે અકસ્માતમાં બે વ્યકિત ગંભીર ઈજાગ્રસ્ત હોય તેવા ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સારવાર દેવગઢ બારીયા ખસેડવામાં આવ્યા હતા. જયાં ૧૦૮ મારફતે સારવાર દેવગઢ બારીયા ખસેડવામાં આવ્યા હતા. જયાં ૧૦૮ લઈ જવાતા બે ઈજાગ્રસ્તો પૈકી એકનું મોત નિપજાવા અકસ્માતમાં ચાર વ્યકિતના મોત થયા છે. જયારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ઈકો કારમાં સવાર છોટાઉદેપુરના હોય જેથી અકસ્માતની પરિવારજનોને જાણ કરતાં ગોધરા સિવિલમાં આવવા નિકળ્યા છે. આ અકસ્માતની ઘટના અંગે ગોધરા તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.